# હે શંખેશ્વરના વાસી, મારે હૈયે કરજો વાસ

હે શંખેશ્વરના વાસી, મારે હૈયે કરજો વાસ (૪)

કેમ વિસારું વામાનંદન (૨) જ્યાં લગી શ્વાસોચ્છવાસ

હે શંખેશ્વરના વાસી, મારે હૈયે કરજો વાસ (૨)

શ્વાસે શ્વાસે સમરું સ્વામી, જીવનના આધાર (૪)

રોમે રોમે તારા નામનો વાગી રહે રણકાર (૨)

આ અંતરના વાજિંતરમાં (૨) એક જ છે અભિલાષ

હે શંખેશ્વરના વાસી, મારે હૈયે કરજો વાસ (૨)

ભાવ થકી હું ભક્તિ કરું છું જો જે હે ભગવાન (૪)

હે ગુણવંતા ગાઈ રહ્યો છું, તારા સદાય ગુણગાન (૨)

ઉગારજે ભવસાગરમાંથી (૨) એટલી રાખું આશ

હે શંખેશ્વરના વાસી, મારે હૈયે કરજો વાસ (૨)

આજે આવ્યો તારા ચરણે, ભક્તિ કરવા કાજ (૪)

ભક્તિ હૃદયમાં લાવ્યો, દાદા પૂરજો મારી આશ (૨)

તારી ભક્તિ કરવા કાજે (૨), આવ્યો તમારી પાસ

હે શંખેશ્વરના વાસી, મારે હૈયે કરજો વાસ (૪)

કેમ વિસારું વામાનંદન (૨) જ્યાં લગી શ્વાસોચ્છવાસ

હે શંખેશ્વરના વાસી, મારે હૈયે કરજો વાસ (૨)

03-16-2016 –

https://www.youtube.com/watch?v=-J0n3OSlSAo&index=47&list=PL9AA0D861BE2DCD33